(1) 'Bathynomus Raksasa' નામના જીવ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે કોક્રોચ પરિવારનું પ્રાણી છે.
(2) તેની શોધ પૂર્વીય હિંદ મહાસાગરમાંથી કરવામાં આવી છે.
(3) તેને 14 પગ છે.
(4) તેની લંબાઈ 50 cm જેટલી હોવાથી તેને 'સુપરજાયન્ટ' વર્ગમાં સમાવવામાં આવેલ છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વૈજ્ઞાનિકોને પૂર્વીય હિંદ મહાસાગરમાં એક આઈસોપોડ (isopod) પરિવારનું પ્રાણી મળી આવેલ છે, જેનું નામ 'Bathynomus Raksasa' છે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (2) સાચું છે.)

⇛ તેને દરિયાઈ કોક્રોચ તરીકે પણ ઓળખવામાં આવે છે, પરંતુ તે કોક્રોચ નથી.

⇛ જે આઈસોપોડ 50cmની લંબાઈ સુધી પહોંચે તેને 'સુપરજાયન્ટ' તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. ઉપરોક્ત પ્રજાતીનો સમાવેશ પણ આ વર્ગમાં જ થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેને 14 પગ હોય છે પરંતુ તેનો ઉપયોગ તે માત્ર દરિયાના તળ ભાગમાં ખોરાકની શોધ દરમિયાન જ કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આઈસોપોડ વિવિધ પ્રકારના વસાહતમાં રહી શકે છે. દા.ત. પહાડ, રણ, ઊંડા દરિયાઓમાં વગેરે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) વિટામીન-D વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) સૂર્યપ્રકાશ ચામડી પર પડતાં આ વિટામીનનું સર્જન થાય છે.
(2) આ વિટામીન કૃત્રિમ પ્રકાશ દ્વારા સર્જાય શકતું નથી.
(3) આ વિટામીન ચરબી–દ્રાવ્ય હોય છે.
(4) આ વિટામીન દ્વારા હાડકાંઓમાં કેલ્શિયમની યોગ્ય માત્રા જાળવવામાં મદદ મળે છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ COVID-19 તથા વિટામીન-D વચ્ચેના સંબંધની ચર્ચાઓ વૈજ્ઞાનિક સમુદાયમાં ચાલી રહી છે.

⇛ જ્યારે ચામડી પર સૂર્યપ્રકાશ (અથવા કૃત્રિમ પ્રકાશ–પારજાંબલી તરંગલંબાઈ જેટલો-190થી 400 નેનોમીટર) પડે છે. ત્યારે એક રાસાયણિક પ્રક્રિયા શરૂ થતાં શરીરમાં વિટામીન-Dનું સર્જન થાય છે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ આ વિટામીન ચરબીમાં દ્રાવ્ય હોય છે. અર્થાત્ તે ચરબી અને તેલમાં ઓગળી શકે છે અને શરીરમાં લાંબા સમય સુધી જળવાય રહે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ વિટામીન હાડકાંઓમાં કેલ્શિયમની યોગ્ય માત્રા જાળવવા માટે ઉપયોગી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વિટામીન-Dની ઊણપ દ્વારા વધુ ખતરો ધરાવતાં COVID-19ના દર્દીઓને અસર થઈ શકે છે.

⇛ ભારતના લોકોમાં વિટામીન-Dની ઊણપ મોટાં પ્રમાણમાં જોવા મળી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) આસામમા વારંવાર પૂર આવવા માટેના કારણો નીચેનામાંથી કયા-કયા છે ?**

(1) અસંતુલિત બ્રહ્મપુત્રા નદી

(2) મોટા પ્રમાણમાં પૂર–સંભવિત વિસ્તાર

(3) ભૂકંપ અથવા લેન્ડસ્લાઈડ

(4) ગુવાહાટીની સ્થળ રૂપરેખા (ટોપોગ્રાફી)

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ આસામમાં વારંવાર પૂર આવવા માટેના કેટલાંક કારણો નીચે મુજબના છે :

- **બ્રહ્મપુત્રા નદી :** આસામના મોટા ભાગના વિસ્તારમાંથી પસાર થતી આ નદી અસંતુલીત છે. આ અસંતુલનનું મુખ્ય કારણ વધુ પડતો કાંપ અને ઉચ્ચા અથવા તિક્ષ્ણ ઢોળાવ છે. (આથી, વિધાન (1) સાચું છે.)
- **પૂર-સંભવિત વિસ્તાર :** આસામનો કુલ વિસ્તાર 78.523 લાખ હેકટર છે. જે પૈકી 31.05 લાખ હેકટર પૂર–સંભવિત વિસ્તાર છે. (આથી, વિધાન (2) સાચું છે.)
- **ભૂકંપ અથવા લેન્ડસ્લાઈડ :** આસામ તથા આસપાસના વિસ્તારોમાં ભૂકંપ અથવા લેન્ડસ્લાઈડ ઉદ્દભવી શકે છે. આ કારણે નદીઓમાં મોટા પ્રમાણમાં કાટમાળ જમા થાય છે અને પરિણામે નદીની સપાટીમાં વધારો થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)
- **ડેમ :** ઉપરના વિસ્તારોમાં રહેલા ડેમમાંથી અનિયમિત રીતે પાણી છોડવાના કારણે પણ પૂરની સ્થિતિમાં વધારો થાય છે.
- **ગુવાહાટીની ટોપોગ્રાફી :** ગુવાહાટી શહેર વાટકાના આકારનું છે અને પરિણામે અહીં પાણી ભરાવવાની સમસ્યા રહે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) ગોધન ન્યાય યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ યોજના હેઠળ સરકાર પશુપાલકો પાસેથી ગાયનું છાણ ખરીદશે.

(2) આ છાણને પ્રોસેસ કરી તેને કૃમિ ખાતર (Vermicompost) તથા અન્ય પર્યાવરણ – મૈત્રિક પદાર્થોમાં રૂપાંતરિત કરવામાં આવશે.

(3) આ યોજના દ્વારા જૈવિક કૃષિને પ્રોત્સાહન મળશે.

(4) આ યોજના બિહાર રાજ્યની છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ છત્તીસગઢ રાજ્ય દ્વારા 'ગોધન ન્યાય યોજના' લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ યોજના હેઠળ સરકાર પશુપાલકો પાસેથી 2 રૂપિયા પ્રતિ કિલોના દરે ગાયનું છાણ ખરીદશે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એકત્ર થયેલાં ગાયના છાણનું પ્રોસેસીંગ કરી તેને કૃમિ ખાતર તથા અન્ય પર્યાવરણ– મૈત્રિક પદાર્થોમાં રૂપાંતરિત કરવામાં આવશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પ્રોસેસ થયેલાં કૃમિ ખાતરને 8 રૂપિયા પ્રતિ કિલોના દરે ખેડૂતોને વેંચવામાં આવશે.

⇛ આ દરેક પદાર્થો દ્વારા ખેડૂતોને જૈવિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) નીચેનામાંથી કયા-કયા વિધાનો એન્ટિ-ટોર્ચર (Anti-Torture) કાનૂન સાથે સંબંધ ધરાવે છે ?

(1) UNCAT

(2) લો કમિશનનો 273મો રિપોર્ટ

(3) IPCમાં આપવામાં આવેલી ટોર્ચરની વ્યાખ્યા

(4) કસ્ટડીમાં થયેલ મૃત્યુની ન્યાયિક મેજિસ્ટ્રેટ દ્વારા CrPC હેઠળ થતી તપાસ.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)　　(D) માત્ર (1), (3) અને (4)

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તમિલનાડુમાં થયેલ કસ્ટડી મૃત્યુની ઘટના બાદ ભારતમાં અલગથી એન્ટિ–ટોર્ચર કાનૂન બનાવવાની માંગ સામે આવી રહી છે.

⇛ ભારતના IPC (ઈન્ડિયન પીનલ કોડ)માં કોઈપણ જગ્યાએ 'ટોર્ચર'ની વ્યાખ્યા આપવામાં આવેલી નથી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ કસ્ટડી દરમિયાન મૃત્યુ થાય તો ન્યાયિક મેજિસ્ટ્રેટ CrPC હેઠળ તેની યોગ્ય તપાસ કરી શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ ઉપરાંત રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC) દ્વારા પણ પોસ્ટમોર્ટમ માટેની માર્ગદર્શીકા આપવામાં આવી છે.

⇛ લો કમિશનના 273માં રિપોર્ટ હેઠળ UNCATને અમલમાં મુકવાની ભલામણ કરવામાં આવી હતી. UNCATનું પૂરુંનામ UN Convention Against Torture and Other Cruel, Inhumane or Degrading Treatment છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ ભારતે UNCAT પર હસ્તાક્ષર કરેલાં છે પરંતુ હજુ સુધી તેં અમલમાં મુકવામાં આવેલ નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT